# ચાલું છું

પંચમ શુક્લ

કીડીઓની હારે ચાલું છું,
ખાંડાની ધારે ચાલું છું.

વારે તહેવારે ચાલું છું,
જગનાં વહેવારે ચાલું છું.

ફૂલોનાં ક્યારે ચાલું છું,
ભમરાનાં ડારે ચાલું છું.

કદી કદી ઉઘાડે પગ પણ,
ધગધગ અંગારે ચાલું છું.

વરસું મૂશળધાર છતાંયે,
માખણ શા ગારે ચાલું છું.

જળને પણ લપસાવે એવી,
લીલી પગથારે ચાલું છું.

ભાલા જેવું ખૂંચે છે કંઇ,
તીણાં સીસકારે ચાલું છું.

મમળાવીને મૌન બરફ શું,
થીજયાં ઉદ્‌ગારે ચાલું છું.

સૂતાં બેઠાં કે ઊભાં, ના-
ચેન પડે ત્યારે ચાલું છું.

પળપળ વિહ્વળ ચંચળ થઈને,
પ્યારાંનાં પ્યારે ચાલું છું.

મંઝિલની ચિંતા મૂકી દઇ,
એનાં સથવારે ચાલું છું.

શ્વાસોથી અમૃત સીંચું છું,
નિર્જળ સંથારે ચાલું છું.

આંખોમાં અજવાળાં આંજી,
ગાઢાં અંધારે ચાલું છું.

થડકારો એકેક ગણું છું,
હૈયાંની હારે ચાલું છું.

આખર જઇ કઇ પાર પહોંચું?
બસ અપરંપારે ચાલું છું.

લંડન, ઓગસ્ટ ૨૦૦૫